## રાજ્યમાં વધુ ૧૪૦૯૭ નવા કેસ : ગાંધીનગરમાં ૨૮૬ : અમદાવાદમાં ૫૬૮૩

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૪૪ | ૨૫ એપ્રિલ, ૨૦૨૧, રવિવાર; ચૈત્ર સુદ - ૧૩ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# કોઈપણ ઓક્સિજનનો સપ્લાય રોકશે તો લટકાવી દેવાશે : કોર્ટ

### દિલ્હીમાં ઓક્સિજન અછતની હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી : દિલ્હીની હોસ્ટિપલ દ્વારા પૂરતો ઓક્સિજન ના હોવા અંગે કરેલી પિટિશન પર સુનાવણી કરતા આકરી પ્રતિક્રિયા આપી




નવી દિલ્હી, તા.૨૪ રાજધાની દિલ્હીમાં કોરોનાના સતત વધતા કેસ વચ્ચે સર્જાયેલી ઓક્સિજનની ગંભીર અછતની દિલ્હી હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી છે. કોર્ટે શનિવારે જણાવ્યું હતું કે જો કેન્દ્ર કે રાજ્ય સરકાર કે પછી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાનો કોઈપણ અધિકારી ઓક્સિજનનો સપ્લાય રોકશે તો તેને લટકાવી દેવામાં આવશે. જસ્ટિસ વિપિન સાંઘી અને રેખા પાલ્લીની બેન્ચે દિલ્હીની મહારાજા અગ્રસેન હોસ્ટિપલ દ્વારા કોરોનાના ગંભીર દર્દીઓ માટે પૂરતો ઓક્સિજન ના હોવા અંગે કરેલી પિટિશન પર સુનાવણી કરતા આવી આકરી પ્રતિક્રિયા આપી હતી.

કોર્ટે દિલ્હી સરકારને એવા વ્યક્તિનું નામ જણાવવા કહ્યું હતું કે જે ઓક્સિજનનો સપ્લાય રોકી રહ્યો હોય. કોર્ટે જણાવ્યું હતું કે તે કોઈપણને છોડશે નહીં, અને ઓક્સિજન સપ્લાયને અવરોધનારાને લટકાવી દેવાશે. કોર્ટે દિલ્હી સરકારને આ અંગે કેન્દ્ર સરકારને પણ જાણ કરવા કહ્યું હતું, જેથી આવા અધિકારીઓ સામે એક્શન લઈ શકાય.

કોર્ટે કેન્દ્ર સરકારને એ સવાલ પણ કર્યો હતો કે દિલ્હી માટે જરુરી ૪૮૦ મેટ્રિક ટન ઓક્સિજનનો દૈનિક જથ્થો ક્યારે આવવાનો છે? કોર્ટે કહ્યું હતું કે કેન્દ્ર સરકારે ૨૧ એપ્રિલના રોજ તેને ખાતરી આપી હતી કે દિલ્હીને રોજનો ૪૮૦ મેટ્રિક ટન ઓક્સિજન મળી રહેશે. પરંતુ આ મામલે કોઈ પ્રગતિ થઈ છે ખરી?

બીજી તરફ, દિલ્હી સરકારે જણાવ્યું હતું કે તેને ૪૮૦ મેટ્રિક ટનની જરુરિયાત સામે રોજનો માત્ર ૩૮૦ મેટ્રિક ટન ઓક્સિજન મળે છે. તેમાંય શુક્રવારે તો માંડ ૩૦૦ મેટ્રિક ટનનો જ જથ્થો આવ્યો હતો. દિલ્હીમાં સતત વધતા કેસોની ગંભીર નોંધ લેતા કોર્ટે એમ પણ કહ્યું હતું કે, આ કોરોનાની બીજી વેવ નહીં પરંતુ સુનામી છે. ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં શુક્રવારે ૩૪૮ કોરોના પેશન્ટના મોત થયા હતા. વળી, કોરોના પ્રોટોકોલ પ્રમાણે ૫૦૦ લોકોના અંતિમ સંસ્કાર કરાયા હતા. સાઉથ દિલ્હીના સુભાષનગર સ્મશાન ગૃહમાં લાંબી લાઈનો લાગી જતાં સ્મશાન ગૃહ બંધ કરવાનો વારો આવ્યો હતો.

દિલ્હીમાં ઓક્સિજનની પણ ભયાનક તંગી ચાલી રહી છે. જયપુર ગોલ્ડન હોસ્પિટલમાં શુક્રવારે રાત્રે ઓક્સિજનનું પ્રેશર ઘટી જતાં ૨૦ પેશન્ટના મોત થયા હતા. અન્ય હોસ્પિટલોની હાલત પણ ખરાબ હોવાથી મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો. દિલ્હી સરકારે સ્થિતિને કાબૂમાં રાખવા ખૂબ જ ગંભીર સ્થિતિ માટે ઓક્સિજનનો સ્ટોક રાખવાનું પણ નક્કી કર્યું છે.

## કેન્દ્ર સરકાર વેક્સિન અને ઓક્સિજન મુદ્દે ધ્યાન આપે

નવી દિલ્હી, તા.૨૪ દેશમાં કોરોનાના કેસમાં રેકોર્ડ સમાન વધારો થઈ રહ્યો છે અને હોસ્પિટલોમાં ઓક્સિજનની તંગીના કારણે ભારે સંખ્યામાં દર્દીઓ મરી રહ્યા હોવાથી વિપક્ષ સતત કેન્દ્ર સરકારને ટાર્ગેટ કરી રહ્યું છે. કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકારને પીઆર અને બિનજરૂરી પ્રોજેક્ટ પર ખર્ચો કરવાના બદલે વેક્સિન, ઓક્સિજન અને અન્ય સ્વાસ્થ્ય સેવાઓ પર ધ્યાન આપવા સલાહ આપી હતી. રાહુલ ગાંધીએ કહ્યું કે, દિલ્હીની જયપુર ગોલ્ડન હોસ્પિટલમાં ઓક્સિજનની તંગીના કારણે અનેક દર્દીઓના મોત થયા તે ખૂબ જ દુખદ સમાચાર છે. મૃતકોના પરિવારજનો પ્રત્યે મને ગાઢ સંવેદના છે. હું રાજ્ય સરકાર અને કોંગ્રેસી કાર્યકરોને વિનંતી કરૂ છું કે તેઓ પોતાના પરિવારને તમામ સંભવિત મદદ પૂરી પાડે. જયપુર ગોલ્ડન હોસ્પિટલે કરેલા દાવા પ્રમાણે ગઈ કાલે સાંજે ઓક્સિજનની તંગીના કારણે ૨૫ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. કોંગ્રેસી નેતા અને સાંસદ રાહુલ ગાંધીએ શનિવારે સવારે ટ્વીટ કરીને કેન્દ્રની મોદી સરકારને ટાર્ગેટ કરી હતી. તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારને સદ્ભાવપૂર્વક વિનંતી છે કે તેઓ પીઆર અને બિનજરૂરી પ્રોજેક્ટ પર ખર્ચો કરવાના બદલે વેક્સિન, ઓક્સિજન અને અન્ય સ્વાસ્થ્ય સેવાઓ પર ધ્યાન આપે. આગામી દિવસોમાં આ સંકટ વધારે ગાઢ બનશે. તેનો સામનો કરવા માટે દેશે તૈયાર રહેવું પડશે. વર્તમાન દુર્દશા અસહનીય છે.



## ઓક્સિજન ટેન્કના ચાર કન્ટેનર ભરવા વિમાન સિંગાપુર પહોંચ્યા

નવી દિલ્હી, તા.૨૪ દેશમાં કોરોનાની જીવલેણ લહેર વચ્ચે ઓક્સિજનની તંગી વધારે ઘાતક પૂરવાર થઈ રહ્યા છે. લોકો ઓક્સિજન માટે વલખા મારી રહ્યા છે ત્યારે ભારતીય વાયુસેનાએ ઓક્સિજન સપ્લાય માટે મોરચો સંભાળ્યો છે. શુક્રવારથી વાયુસેનાના વિમાનો ઓક્સિજન પહોંચાડવા માટે કામે લાગી ચુક્યા છે. આજે વાયુસેનાના સી-૧૭ વિમાનો ઓક્સિજન ટેક્રના ચાર કન્ટેનર ભરવા માટે સિંગાપુરના ચાંગી એરપોર્ટ પર પહોંચ્યા છે. આ ચાર કન્ટેનરને ઓક્સિજન સાથે લોડ કરીને આ વિમાનો આજે સાંજ સુધીમાં પશ્ચિમ બંગાળના પનાગર એરબેઝ પર ઉતરશે. આજે આ

**વાયુસેના દ્વારા ઓક્સિજન ટેન્કરોને વિમાનો થકી દેશમાં વિવિધ ઓક્સિજન પ્લાન્ટ પર પહોંચાડવાનું શરૂ કરાયું**

વિમાનોએ ગાઝીયાબાદના હિન્ડન એરબેઝથી સિંગાપુર જવા માટે ઉડાન ભરી હતી. આ પહેલા ગઈકાલે વાયુસેના દ્વારા ઓક્સિજન ટેક્રરોને વિમાનો થકી દેશમાં વિવિધ ઓક્સિજન પ્લાન્ટ પર પહોંચાડવાનુ શરુ કરી દીધુ છે. જેથી ઓક્સિજન દર્દીઓ સુધી વહેલી તકે પહોંચી શકે.


આ સિવાય વાયુસેના દેશના વિવિધ વિસ્તારોમાં કોરોનાના દર્દીઓ માટે દવાઓ અને બીજા ઉપકરણો પણ પહોંચાડી રહી છે. ભારત કોરોના વાયરસની બીજી લહેરનો સામનો કરી રહ્યુ છે અને ભારતની મુશ્કેલી હળવી કરવા વાયસેનાએ પોતાના સી-૧૭, આઈએલ-૭૬, એન-૩૨ જેવા માલવાહક વિમાનોને કામે લગાડ્યા છે.

## દિલ્હીની જયપુર ગોલ્ડન હોસ્પિટલમાં ઓક્સિજનનું પ્રેશર ઘટતાં ૨૫નાં મોત

### સ્ટોક ખૂટી પડતાં ઓક્સિજનનું પ્રેશર ઘટ્યું, હોસ્પિટલમાં ૨૦૦ દર્દી દાખલ હતા અને ઓક્સિજનનો જથ્થો માંડ અડધો કલાક ચાલે તેટલો જ હતો

નવી દિલ્હી, તા.૨૪ રાજધાનીની જયપુર ગોલ્ડન હોસ્પિટલમાં ઓક્સિજનની અછત સર્જાતા કોરોનાના ૨૫ ક્રિટિકલ દર્દીઓના મોત થયા છે. આ ઘટનામાં હોસ્પિટલમાં ઓક્સિજનનું પ્રેશર ઘટી ગયું હતું. હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર ડૉ. ડી.કે. બલુજાએ જણાવ્યું હતું કે, સ્ટોક ખૂટી પડતાં ઓક્સિજનનું પ્રેશર ઘટ્યું હતું. આજે સવારે ૧૦.૪૫ કલાકે પણ હોસ્પિટલમાં ૨૦૦ દર્દી દાખલ હતા અને ઓક્સિજનનો જથ્થો માંડ અડધો કલાક ચાલે તેટલો જ હોવાનું પણ તેમણે કહ્યું હતું.

હોસ્પિટલમાં ગઈકાલે અડધીરાતે ઓક્સિજન રિફીલ કરવામાં આવ્યો હતો. જોકે, તેમાં પણ કલાકોનું મોડું થયું હતું. સરકાર તરફથી આ મામલે કોઈ મદદ મળી હતી કે કેમ તે સવાલના જવાબમાં હોસ્પિટલના ડિરેક્ટરે જણાવ્યું હતું કે, દરેકે થાય તેટલા પ્રયાસ કરીશું તેવી વાતો કરી હતી, પરંતુ કોઈએ મદદ નથી કરી. હોસ્પિટલમાં હાલ ૨૦૦ દર્દી દાખલ છે, જેમાંથી ૮૦ ટકા ઓક્સિજન પર છે, જ્યારે ૩૫ દર્દી આઈસીયુમાં છે. દિલ્હીની અન્ય હોસ્પિટલોમાં પણ આવી જ સ્થિતિ છે. સાઉથ દિલ્હીની મૂલચંદ હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર તો પોતાની લાચારી વ્યક્ત કરતાં રડી પડ્યા હતા. બીજી તરફ, જયપુર ગોલ્ડ હોસ્પિટલમાં રાતોરાત ઓક્સિજનની કમીને કારણે ૨૦ લોકોના મોત થતાં મૃતકોના પરિજનોએ જોરદાર હંગામો કર્યો હતો. ઓક્સિજનની કમી અંગે હોસ્પિટલે કોઈ આગોતરી જાણ ના કરી હોવાનો પણ લોકોએ આક્ષેપ કર્યો હતો.




દિલ્હીના મૂલચંદ હોસ્પિટલ તરફથી શનિવારે સવારે પીએમ મોદી, સીએમ કેજરીવાલ તેમજ દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર પાસેથી મદદ માગવામાં આવી હતી. હોસ્પિટલના ડિરેક્ટર મધુ હાંડાએ એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, અમારી પાસે અડધો કલાક જ ચાલે તેટલો ઓક્સિજન બચ્યો છે.

બીજી તરફ, લોકનાયક જયપ્રકાશ હોસ્પિટલમાં પણ છેલ્લા ૪-૫ દિવસથી તમામ બેડ ફુલ છે. કેટલાક ક્રિટિકલ પેશન્ટને એક મિનિટનો ૪૦-૫૦ લિટર ઓક્સિજન જોઈએ છે. જોકે, હોસ્પિટલમાં ઓક્સિજનની અછત હોવાનું તેના એમડી ડૉ. સુરેશ કુમારે કબૂલ્યું હતું. રાજધાનીની મહારાજા અગ્રસેન હોસ્પિટલે ઓક્સિજન સપ્લાય કરવાની માગ સાથે દિલ્હી હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. હોસ્પિટલની દલીલ છે કે હાલ ત્યાં ૧૦૬ સિરિયસ દર્દીઓ એડમિટ છે. જો ઓક્સિજન તરત ના મળ્યો તો આ તમામ દર્દીઓને ડિસ્ચાર્જ કરવા પડશે.

## એન.વી. રમનાએ નવા ચીફ જસ્ટિસનો કાર્યભાર સંભાળ્યો

દેશના નવા ચીફ જસ્ટિસ તરીકે જસ્ટિસ એન વી રમનાએ આજે દેશના મુખ્ય ન્યાયાધીશનો કાર્યભાર સંભાળી લીધો છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદએ સવારે ૧૧ વાગે તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ, કેંદ્રીય કાનૂન મંત્રી રવિ શંકર પ્રસાદ સહિત સુપ્રીમ કોર્ટના ઘણા જજોની હાજરીમાં પદની શપથ અપાવી હતી. જસ્ટિસ એનવી રમનાનો કાર્યકાળ ૧૬ મહિનાનો હશે. સીજેઆઇના રૂપમાં જસ્ટિસ રમનાનો કાર્યકાળ ૨૬ ઓગસ્ટ ૨૦૨૨ સુધી હશે. ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ સુપ્રીમ કોર્ટમાં પોતાના પ્રમોશનથી પહેલાં જસ્ટિસ રમના દિલ્હી હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા. તેમનો જન્મ ૨૭ ઓગસ્ટ ૧૯૫૭ના રોજ આંધ્ર પ્રદેશના કૃષ્ણા જિલ્લાના પોન્નવરમના એક ખેડૂત પરિવારમાં થયો હતો. જસ્ટિસ રમના કોલેજા દિવસોમાં વિદ્યાર્થી રાજકારણ સાથે સંકળાયેલા હતા. તેમણે થોડો સમય પત્રકારત્વમાં પણ કામ કર્યું. વર્ષ ૧૯૮૩ માં વકાલત શરૂ કરનાર રમના આંધ્ર પ્રદેશના એડિશનલ એડવોકેટ જનરલ રહેવા ઉપરાંત કેંદ્ર સરકારના પણ ઘણા વિભાગોના વકીલ રહ્યા. ૨૦૦૦ માં તે આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના કાયમી જજ બન્યા. વર્ષ ૨૦૧૪ માં સુપ્રીમ કોર્ટમાં પોતાની નિયુક્તિ પહેલાં તે દિલ્હી હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા.

કેશર કેરી
૧ બોક્ષ (આશરે ૧૦ કિલો)
રૂા.૭૫૦ અને ૮૦૦
ઓરેન્જ /માલ્ટા
૧ કિલોના રૂા. ૧૩૫
વિશાલ સુપર માર્કેટ
કુડાસણ અને
સેક્ટર-૬

URGENT REQUIREMENT
(1) Store Keeper cum Accountant
(B.Com / Any Graduate) - 01 No.
2 to 3 Years Experience in Maintain Stores & Inventory management, well knowledge in Purchase / Sales entry / Dispatch, Invoicing, Export Import, GST documentation on Tally ERP
(2) Production / QC Engineer (B.E / DME) - 01 No.
2 to 3 Years Experience in Production line & having knowledge of QC of various casting & machined parts, should be able to do QC on vendor end
(3) ITI Fitter/Turner/Machinist/Electricians/12th Pass -6 Nos.
2 to 3 Years Experience
Contact to Below Address With Bio-Data
Ravi Electronics
E104/105, GIDC, Electronics Zone, Sector-26, GANDHINAGAR
Mobile No: 9016876215
Email ID: sales@fluconautomationinc.com

મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા




FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી
ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.